મુડેટી એસ.આર.પી. ગ્રુપ-૬ ધ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત મશાલ રેલી યોજાઈ

નેત્રામલીઃ ૧૫મી ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ ભારત દેશની આઝાદીનુ ૭૫ મુ વર્ષે શરૂ થયેલ છે.જે સમગ્ર ભારત દેશમા " આઝાદી કા અમૃત મહોત્સવની " ઉજવણી કરવામાં આવી રહેલ છે.જે સંદર્ભ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મુડેટી ગામે આવેલ રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૬ ખાતે તા ૧૪, ૧૫-૬-૨૦૨૨ ના રોજ મુડેટી ગામ ખાતે " આઝાદી કા અમૃત મહોત્સવ " અંતર્ગત કેમ્પના ડી.વાય.એસ.પી. બી.પી.પટેલ ની આગેવાનીમાં ૭૫ અધિકારી/કર્મચારીઓ ધ્વારા બેનર સાથે મશાલ રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતુ.

ધાનેરા પોલીસ મથકમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

૧૪ જૂન એટલે વિશ્વ રક્તદાન દિવસ રક્તદાન કરવું એ મહાદાન છે. ત્યારે આજે ધાનેરા પોલીસ તેમજ હેલ્થ વિભાગ દ્વારા ધાનેરાની પોલીસ મથકમાં બ્લડ ડોનેશન કેમ્પ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ કેમ્પમાં રાજકીય અગ્રણીઓ હેલ્થ વિભાગના કર્મચારીઓ પોલીસ મથકના કર્મચારીઓ સહિત મોટી માત્રામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર ડી વી ડોડીયા અને મોટી માત્રામાં પોલીસ જવાનો તેમજ લોકોએ રક્તદાન કર્યું હતું. પોલીસ દ્વારા સૌ પ્રથમવાર આવો કાર્યક્રમ કરતાં ધાનેરાના લોકોએ પણ પોલીસની કામગીરીને બિરદાવી હતી.

ડીસામાં રખડતા ઢોરોના સિંગડા ઉપર રેડીયમ પટ્ટી લગાવવા મુદ્દે આવેદનપત્ર

ડીસા શહેરમાં રખડતાં ઢોરોના સિંગડા ઉપર ?રેડીયમ પટ્ટી લગાવવા અંગે સિકુરામ? સેવા સંગઠનના અગ્રણી મગશીભાઈ રબારીની આગેવાનીમાં ગૌસેવકો દ્વારા ડીસા નાયબ કલેકટર અને નગર પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં જણાવાયું હતું કે શહેરના વિસ્તારોમાં અને જાહેર માર્ગો પર જ્યાં ત્યાં રખડતા ઢોરોનો અડીંગો જામેલો હોય છે ત્યારે આ અબોલ જીવો પર કોઈ વાહન ચાલક વાહન ચલાવી દેતા અકસ્માતનો ભોગ બને છે જેને કારણે અબોલ જીવોને મરવાના વાંકે જીવવાનો વારો આવે છે. ત્યારે કેટલીકવાર આવા રખડતા ઢોરોના પગલે શહેરમાં વિવિધ સ્થળે નાના- મોટા અકસ્માતો સર્જાતા હોય છે જેમાં લોકોના જીવ પણ ગુમાવવા પડતા હોય છે તથા આ રખડતાં ઢોરના હિંસક હુમલાઓનો ભોગ પણ બનવું પડે છે ત્યારે ડીસાની જાણિતા ગૌસેવા સંગઠન એવા સિકુરામ સેવા સંગઠનના અગ્રણી મગશીભાઈ રબારીની આગેવાનીમાં રખડતાં ઢોરોને આકસ્મિક ઘટનાઓથી બચાવવા ગૌસેવકો દ્વારા નાયબ કલેકટર અને નગર પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ડીસા શહેરમાં આવેલા વિવિધ વિસ્તારોમાં રખડતાં ઢોરોને પાંજરે પુરવા માટે અને આકસ્મિક ઘટનાઓથી બચાવવા જાગૃત નાગરિકો દ્વારા ધરણાં પ્રદર્શન અને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો છતાં પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે ત્યારે આ સિકુરામ? સેવા સંગઠન જે? ગૌ સેવા માટે હંમેશા તૈયાર રહે છે તે હવે મેદાને પડી ગૌરક્ષા માટે તત્પર બન્યું છે.

સાબરકાંઠા એસ.ઓ.જી.એ બાતમીના આધારે મોડાસાના ઈસમ પાસેથી ૧૨ મોબાઈલ ઝડપ્યા

સાબરકાંઠા એસ.ઓ.જી.એ બાતમી આધારે હિંમતનગરના જૂના સિવિલ સર્કલ પાસેથી મોડાસાના ઈસમને દબોચી તપાસ હાથ ધરતાં તેની પાસેના થેલામાંથી ૧૦ આઈ.ફોન તથા અન્ય ૨ મોબાઈલ મળી કુલ-૧૨ મોબાઈલ સાથે રૂ ૭, ૬૫,૦૦૦નો મુદામાલ જપ્ત લઈ તપાસ હાથ ધરી છે. તપાસ દરમ્યાન આંતરરાજ્ય મોબાઈલ ચોરીનું કૌભાંડ પ્રકાશમાં આવે તેવી સંભાવના છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા એસ.ઓ.જી., પી.એલ.વાઘેલા તેમજ સ્ટાફને બાતમી મળી હતી કે હિંમતનગરમાં એક ઈસમ થેલામાં ચોરીના મોબાઈલ રાખી વેચાણ માટે પગપાળો જૂના સિવિલ સર્કલ પાસેથી ઉમાશંકર જોષી બ્રીજ તરફ જઈ રહ્યો છે અને તેને પીળા કલરની ટી-શર્ટ પહેરેલ છે જેથી પોલીસે બાતમી આધારે વોચ ગોઠવી મોડાસાની ગરીબ નવાઝ સોસાયટીમાં રહેતા નકીબહૂસેન સલીમભાઈ જેથરાને દબોચ્યો હતો અને તેની પાસેના થેલામાંથી ખાખી કલરના શેલો ટેપ વિંટાળેલા બોક્સમાંથી અલગ અલગ સીમકાર્ડ તેમજ સીમકાર્ડ વગરના ૧૦ આઈ.ફોન તેમજ તેની અંગજડતીમાંથી ૨ મોબાઈલ મળી કુલ-૧૨ મોબાઈલ મળી આવ્યા હતા. મોબાઈલના કોઈ પુરાવા ન મળતાં એસ.ઓ.જી.એ સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ તપાસ હાથ ધરી છે. પોલીસની પૂછપરછમાં તમામ ચોરીના મોબાઈલ દિલ્હીથી કુરીયરમાં મંગાવી તેના સ્પેરપાર્ટ અલગ કરી વેચાણ કરતો હોવાનું જણાવતાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. લેવા તેમજ સ્ટાફને બાતમી મળી હતી.

ખેડૂતો વાવણીમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવે

ઉત્તર ગુજરાતમાં મોસમનો સરેરાશ ૨.૬૨ ટકા વરસાદ : પાછલા ૨૪ કલાક દરમ્યાન ૪૭ પૈકી ૩૧ તાલુકાઓમાં વરસાદ

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૫

રાજ્યમાં ચોમાસાનું આગમન થયું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં પાછલા ૨ દિવસ દરમ્યાન મોસમનો સરેરાશ ૨.૨ ટકા વરસાદ વરસ્યો છે. પાટણ જિલ્લામાં સૌથી વધુ ૩.૫૮ ટકા અને મહેસાણામાં સૌથી ઓછો ૧.૬ ટકા વરસાદ નોંધાયો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ૪૭ પૈકી ૩૧ તાલુકાઓમાં ઝરમરીયાથી માંડી ૩ ઈંચ સુધી વરસાદ નોંધાતાં અનેક ચેકડેમ, તળાવમાં વરસાદી પાણીની મંદ આવક જોવા મળી. વરસાદના કારણે અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ગુજરાતમાં ૨૦ જૂન આસપાસ વરસાદની આગાહી વચ્ચે રવિવારથી કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદનું

આગમન થતાં છેલ્લા ૨૫ દિવસથી ભયંકર બફારા અને ગરમીમાં પિશાતી પ્રજાને રાહત મળી હતી. ગત રોજ દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ક્યાંક સાંબેલાધારે તો ક્યાંક ઝરમરીયો વરસાદ વરસ્યો હતો. ઉત્તર ગુજરાતના કેટલાક તાલુકાઓમાં અડધા થી ત્રણ ઈંચ સુધી વરસાદ ખાબકતાં પળવાર માટે કેટલાક ખેતરો અને નિચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા હતા. જો કે સોમવાર રાત્રિ પછી વરસાદના ખમૈયા જોવા મળ્યા, મંગળવારે પણ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદી ફોરાં વરસ્યા સિવાય કોઈ નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી. ઉત્તર ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં વાવણીલાયક વરસાદના કારણે ખેડૂતો વાવણી કાર્ય કરે તેવી સંભાવના છે પરંતુ હજુ રાજ્ય અને જિલ્લામાં નિયમિત ચોમાસુ જાણ્યું નથી જેથી ખેડૂતોએ વાવણી કાર્ય માટે થોભો અને રાહ જુઓની નીતિ અખત્યાર કરવી રહી.

શંકાસ્પદ કપાસના બિયારણમાં બીટી, એચ.ટી. પોઝિટિવ મળ્યું

વડાલીના ૩ જીનર્સને ખેતી વિભાગે નોટિસ આપી : જવાબ મળ્યા પછી ગમે તે ઘડીએ પોલીસ ફરિયાદની વકી

► કીટના અભાવે એવરેસ્ટ જીનીંગનો રિપોર્ટ અદ્ધરતાલ ◄

બાયડ બ્યુરો ઓફિસ), તા. ૧૫

સાબરકાંઠાના વડાલીના જીનર્સના ત્યાંથી મળી આવેલા શંકાસ્પદ ૧૮ હજાર કીલોગ્રામ કપાસ બિયારણના સેમ્પલ રિપોર્ટ જાહેર થયા છે. ૪ પૈકી ૩ જીનીંગ એન્ડ પ્રોસેસીંગના સેમ્પલ રિપોર્ટમાં બીટી, એચ.ટી. પોઝિટિવ મળ્યું છે જેથી ખેતી વિભાગ ગુણવત્તા) દ્વારા આ અંગેની નોટિસ આપી ખૂલાસો માંગવામાં આવ્યો છે. જવાબ મળ્યા પછી ગમે તે ઘડીએ પોલીસ ફરિયાદની વકી છે. જ્યારે ટેસ્ટીંગ માટે કીટ ન હોવાના કારણે એવરેસ્ટ જીન ્ગનો રિપોર્ટ હજુ પણ અદ્ધરતાલ રહ્યો છે.

- પ્રાપ્ત જાણકારી અનુસાર વડાલીના આનંદ જીનીંગ, યોગેશ્વર જીનીંગ , વિશ્વાસ જીનીંગ અને એવરેસ્ટ જીનીંગમાંથી ગત તા.૧૦ મે ના રોજ ગાંધીનગર અને હિંમતનગરની ટીમોએ તપાસ હાથ ધરી અંદાજીત ૩ કરોડથી વધુનો કપાસ બિયારણનો જથ્થો સીઝ કરી સેમ્પલ લીધા હતા તે પૈકી ૨૬ સેમ્પલનો રિપોર્ટ જાહેર થયો જેમાં તમામમાં બીટી અને ૧૨ સેમ્પલમાં એચ.ટી. પોઝિટિવ આવ્યા પછી એચ.ટી. પોઝિટિવ આવ્યું છે તેવા સેમ્પલુના કારણે બિયારણ ઉત્પાદકો સાણસામાં આવ્યા છે. પર્યાવરણની સુરક્ષા જોખમાય તે પ્રકારની હરકતો કર્યા પછી જાહેર થયેલા રિપોર્ટમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવતાં સાબરકાંઠા ખેતી વિભાગગુણવત્તા) દ્વારા ઉચ્ચ કક્ષાએથી થયેલા આદેશ મુજબ ૪ પૈકી ૩ જીનીંગને નોટિસ આપી એક સપ્તાહમાં આ અંગેની જાણકારી આપવા તાકીદ કરવામાં આવી છે અને ત્યારબાદ જીનર્સ સામે સખ્ત કાર્યવાહી થવાની પૂરેપૂરી શક્યતા છે. ખેતી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટ ગુણવત્તા)જે.બી.ઉપાધ્યાયે જણાવ્યું કે પર્યાવરણ માટે હાનિકારક એવા કપાસના બિયારણમાંથી એચ.ટી. પોઝિટિવ મળી આવતાં જિલ્લા કક્ષાએથી આવા જીનર્સને નોટિસ આપીને ખુલાસા માંગવામાં આવ્યા છે. નિયત સમયમાં જવાબ નહીં મળે તો ધોરણસરની કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું છે.

સંયુક્ત ખેતી નિયામુકની કામગીરી સામે સવાલ ઉઠડ્યા..

ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી પર્યાવરણ માટે હાનિકારક બીટી અને એચ.ટી. કપાસનું ઉત્પાદન થતું આવ્યું છે. કરોડો રૂપિયાના બિયારણનો વેપલો દર વર્ષે થતો આવ્યો છતાં સંયુક્ત ખેતી નિયામક(વિસ્તરણ) જે.બી. ઉપાધ્યાયે શું ધ્યાન રાખ્યું..?? તેવા સવાલ થઈ રહ્યા છે. લોક આક્ષેપ તો ત્યાં સુધી થઈ રહ્યો છે કે શંકાસ્પદ બિયારણનું ઉત્પાદનમાં ઉત્પાદકો અને ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગત છે કે કેમ..?? તેની તપાસ થવી જોઈએ.

આગિયોલનો આયુર્વેદ મલમ છેક ઓસ્ટ્રેલિયા સુધી પંહોચ્યો

સખી મંડળની બહેનો દ્વારા ઉત્પાદિત આયુર્વેદિક હર્બલ પ્રોડક્ટ થકી રૂ. ૫૦,૦૦૦/- થી વધુની કમાણી કરે છે

બાયડ તા.૧૫

શહેરી અને ગ્રામિણ ગરીબ કુટુંબને એક જૂથ અને સંગઠિત બની સ્વરોજગારીની દિશામાં આગળ વધે અને આર્થિક રીતે ઉન્નત બને તે માટે મિશન મંગલમ હેઠળ સખી મંડળોની રચના કરવામાં આવે છે. આવુ જ એક સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના અગિયોલનું સેવા સખી મંડળ જે આયુર્વેદિક હર્બલ પ્રોડક્ટ બનાવીને એક મહિમાં ૫૦,૦૦૦/- થી વધુની કમાણી કરે છે.

આ મંડળના પ્રમુખ શિલ્પાબેન ગોહિલ જણાવે છે કે અત્યારના આધુનિક યુગમાં બજારમાં મળતા હેલ્થ તેમજ સુંદરતા વધારવાના કેમિકલ પ્રોડક્ટનું વેચાણ થાય છે જે આપણા સ્વાસ્થ્યને અને શરીરને નુકસાનકારક બને છે સાથે પૈસાનું પણ નુકસાન થાય છે. પરંતુ અમારી સેવા સખી મંડળની બહેનો દ્વારા પ્રાચીન ઔષધીઓમાંથી કેમિકલ વગરની પ્રોડક્ટ ઉત્પાદિત કરી વેચાણ માટે મુકે છે. જે બિલકુલ આડઅસર કરતી નથી અને ઘરમાં નાના-મોટા સભ્યો માટે આ આયુર્વેદિક પ્રોડક્ટ ફાયદાયક સાબિત થાય છે.

અમારા સખી મંડળમાં અમે ૨૦ બહેનો છીએ. અમારી સેવા સખી મંડળની બહેનો જાતે આયુર્વેદિક હર્બલ પ્રોડક્ટ બનાવીને વેચાણ કરીએ છીએ. અમારા મંડળ દ્વારા ૧૭ જેટલી

હર્બલ પ્રોડક્ટો બનાવવામાં આવે છે. જેમાં ગીરનારી આયુર્વેદિક માલીસ તેલ, ગીરનારી દીપ આયુર્વેદિક દંતમંજન, ગીરનારી સંજીવની આયુર્વેદિક ચુર્ણ, ગીરનારી હરસ મુક્ત ચુરણ, ગીરનારી એલોવેરા જેલ, ગુલાબ જલ, ગીરનારી પગ વાઢીયા મલમ, ગીરનારી ફેસપેક પાઉડર, વેટપ્લસ ચુરણ, હર્બલ શેમ્પુ, ડાયાબિટિસ માટે નિત્યમ કંટ્રોલ ચુરણ, ,પથરી-ગો આયુર્વેદિક ચુરણ, કોલ્ડક્રિમ, હેર ઓઈલ જેવી વિવિધ પ્રોડક્ટો અમારા સખી મંડળ દ્વારા બનાવવામાં આવે છે. વધુમાં શિલ્પાબેન જણાવે છે કે અમે છેલ્લા ૧૨ વર્ષથી આયુર્વેદિક પ્રોડક્ટનું વેચાણ કરીએ છીએ. અને જેમાં અત્યાર સુધી વર્ષે રૂ. ૧૨ થી ૧૩ લાખનું ટનઓવર બહેનો દ્વારા કરવામાં આવ્યું છે. સખી મંડળમાં દરેક બહેન દિવસના ૪૦૦ થી ૫૦૦ જેટલા રૂપિયા કમાવી લે છે. સેવા સખી મંડળની વિવિધ હર્બલ પ્રોડક્ટ પૈકી ગીરનારી આયુર્વેદિક માલીસા તેલનું ખુબ જ વેચાણ થાય છે. આ માલીસ તેલ છેક ઓસ્ટ્રેલીયા અને કેનેડા જેવા દેશો પણ જાય છે. આ તેલ થકી કમર-માથાનું દર્દ,સંધીવા,વા-ધૂંટળ-પીઠ –કડતર ,સ્નાયુ – પગની એડી-સાયટીકા,ગરદન-પગ મંચકોડ,સોજા,પગના તળીયા, બળતરા-ખસ, ખરજવું, ધાધર, ખંજવાળ,શરદી ,ઉધરસ ,કફ જેવા દુઃખ દુર કરે છે. આ માલીસ તેલની અસરકારતાના કારણે કોરોના સમય દરમિયાન સેવા સખી મંડળ દ્વારા માલીસ તેલનું ૪ લાખ જેટલું વેચાણ કરવામાં આવ્યુ હતુ.

સેવા સખી મંડળ સાથે બીજા ૫ સખી મંડળની બહેનો દ્વારા આવા આયુર્વેદિક હર્બલ પ્રોડક્ટનું વેચાણ કરી આર્થિક ઉપાર્જન મેળવે છે. આ આયુર્વેદિક પ્રોડક્ટ ફક્ત જિલ્લામાં જ નહીં પરંતુ આખા ગુજરાત રાજ્ય તથા વિદેશમાં પણ માંગ છે.સેવા સખી મંડળને વર્ષ ૨૦૨૨માં મુખ્યમંત્રી અને મહિલા આર્થિક વિકાસ દ્વારા બેસ્ટ સેલરનો એવોર્ડ આપીને સંન્માનિત કરવામાં આવ્યા છે.

ખોટો ઈતિહાસ ભણાવવામાં આવ્યો છે.... ડીબેટમાં સુધાંશુ ત્રિવેદી સત્ય કહે છે

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ.....???

બાયડ તા.૧૫

ભૂતકાળની સરકારોની લાપરવાહીથી સામ્યવાદી વિચારધારા વાળા શિક્ષણવીદ લોકો માનવસંસાધન વિભાગ સહિતના મહત્વપૂર્ણ વિભાગોમાં વહીવટમાં ઘુસી ગયા... દુર્ભાગ્યની વાત તો તે છે કે કોંગ્રેસની સરકાર પોતાની ખુરશી બચાવવાની લાલચમાં સામ્યવાદી લોકો જોડે આંખ આડા કાન કરીને હમેશા કોમ્પરોમાઈઝ કરતી ગઈ... શિક્ષણ વિભાગમાં સામ્યવાદી ઓફિસરો પોતાની મનમાની કરતા ગયા... સૌથી પહેલો ઘા આ લોકોએ ભારતના ઈતિહાસ ઉપર કર્યો!!

ભારતના ઈતિહાસમાં ધીરે ધીરે રામ કૃષ્ણ સહિતના અનેક દેવી દેવતાઓ તેમજ પરાક્રમી રાજા વિક્રમ, પૃથ્વીરાજ, મહારાણા પ્રતાપ, શિવાજી,સમ્રાટ અશોક જેવા ઉત્કૃષ્ટ ચરિત્રો જે નાનપણથી બાળકોને વાર્તારૂપે ભણાવવામાં આવતા તે દૂર થતાં ગયા અને ખબર ના પડતા માર્ક્સ, લેનિન, બાબર, અકબર, ઔરંગઝેબને ઈતિહાસમાં સમાવિષ્ટ કરી દેવામાં આવ્યા!! સ્વાભાવિક છે કે નાનપણથી બાળકને માનસ ઉપર જે ભણાવવામાં આવે તેના ગુણગાન જ તે મોટું થઈને ગાવાનું છે.... આ મનોવૈજ્ઞાનિક ગેઈમ ભારતમાં આઝાદી પછી ખેલાતી રહી... હિન્દુત્વ ધીરે ધીરે મરતું ગયું!! આજે હિન્દુના ભણેલા ગણેલા લોકોને રામાયણ કે મહાભારત તત્વના ગ્રંથો નથી લાગતા અને પશ્ચિમી દેશો કે મુસ્લિમ દેશો રામ કૃષ્ણની મઝાક ઉડાડે તે માટે લોહી ના ઉકળવાનું કારણ બસ એટલુંજ છે, તેમના મગજમાંથી નાનપણથી હિન્દુત્વ ખતમ કરવામાં આવ્યું છે!!

હિન્દુમાં પણ ભાગલા પાડવા માટે આપણા ઈતિહાસ જોડે ચેડાં કરાયા છે.... "આર્ય" બહારથી આવ્યા અને ભારતની મૂળ "દ્રવિડ" જાતિ ઉપર હુમલો કર્યો તેવું ખોટું આ લોકોએ જ ભણાવ્યું!! "આર્ય" ક્યાંયથી નથી આવ્યા તેઓ મૂળ ભારતના જ છે અને બીજું કે "આર્ય" ગુણવાચક શબ્દ છે નહીં કે જાતિવાચક.... સુસભ્ય અને સુસંસ્કૃત ભણેલા ગણેલા જે લોકો હતા ભલે કોઈપણ નાતી જાતિના હોય પણ તેમને માનથી "આર્ય" બોલાવવામાં આવતા.... દ્રવિડ એક જાતિ છે. હા, આર્ય એટલે કે સભ્ય લોકોનો દ્રવિડ પ્રજા જોડે વૈચારિક ઝગડો જરૂર હતો અને તે રાજ્ય પચાવી લેવા માટે નહીં પરંતુ અંધશ્રદ્ધા અને કુરિવાજો ઉપરનો હતો... વિશેષ માહિતી લખીને આર્ટીકલ મોટો નથી કરવો પણ ઉત્સુક લોકોને શાંતિથી સંપૂર્ણ માહિતી મળી શકશે... આવુજ આ સામ્યવાદી લોકોએ આર્યોની વર્ણ વ્યવસ્થા માટે ખોટું અર્થઘટન આપણને ભણાવ્યું કે જેથી ભારતમાં વર્ગ વિગ્રહ કાયમ રહે!! આર્યોની વર્ણવ્યવસ્થા એ સમાજ વ્યવસ્થાનો ભાગ બિલકુલ નહોતો, વર્ણ વ્યવસ્થા એ ભારતના ઉચ્ચ અર્થવ્યવસ્થાના ભાગરૂપે હતી... નહિ કે જાતિ જાતિ વચ્ચે ભેદ કરવા માટે... બહૂજ દુઃખની વાત છે કે આપણને એવું ભણાવાયું છે કે આપણા ઈતિહાસના માસ્ટર બ્લાસ્ટર પણ વર્ણવ્યવસ્થાને સમાજ વ્યવસ્થાનો ભાગ સમજી રહ્યા છે!!

ભારતમાંથી હિન્દુત્વ ખતમ કરવા માટે બાળકોને નાનપણથી ખોટુ ભણાવવું પડે, ધીરે ધીરે ગૌરવવંતા ચરિત્રોને ભૂસતાં જવા પડે અને ખબર ના પડતા હિન્દૂ સંસ્કૃતિ કરતા અન્ય વિચારધારાને કે સંસ્કૃતિને મહાન ચિતરવી પડે... એટલે આ સામ્યવાદીઓએ આ પ્રમાણે જ કર્યું. તલવારથી નહિ પણ કલમ ઉપાડીને હિન્દુત્વને લકવાગ્રસ્ત કરી નાખ્યું... આઝાદી પછી બહુ ચતુરાઈપૂર્વક આ લોકો કોંગ્રેસના ખોળામાં બેસી ગઈ અને કોંગ્રેસ તેની મા બનીને માથે માથે હાથ ફેરવતી ગઈ.... કોંગ્રેસને ખબર પણ ના પડી કે સામ્યવાદ નામનું નફ્ફટ બાળક ખોળામાં બેઠું બેઠું તેના કપડામાં જ છેદ પાડી રહ્યું છે...

અરવલ્લી : મોડાસાના વણીયાદ રોડ પર બાયો મેડિકલ વેસ્ટ કોણ ઠાલવી ગયું?

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લો એ આરોગ્ય નગરી માટે ઓળખાય છે પણ હવે આરોગ્ય સાથે સંકળાયેલ બાયો મેડિકલ વેસ્ટ પણ રસ્તે નાખી દેવાની પરંપરા જોવા મળી રહી છે. જિલ્લામાં દિન પ્રતિદિન બાયો મડિકલ વેસ્ટ ઠાલવવાની પ્રથા હોય તેમ આરોગ્ય સાથે સંકળાયેલા લોકો આ પ્રકારે મેડિકલ વેસ્ટ ઠાલવી દે છે અને આસપાસના વિસ્તારોમાં રહેલા લોકોના આરોગ્ય

સાથે ચેડાં કરે છે. આવો જ એક કિસ્સો મોડાસાના વણીયાદ કોકાપુર નજીક બાયો મેડિકલ વેસ્ટનો જથ્થો મળી આવ્યો છે. રસ્તાની બાજુમાં મોટી માત્રામાં મેડિકલ વેસ્ટ જોવા મળ્યો હતો. મેડિકલ વેસ્ટ સરકારી ખાતાનો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા તાલુકાના વણીયાદ કોકાપુર નજીક બાયો મેડિકલ વેસ્ટનો જથ્થો મળી આવ્યો છે. રસ્તાની બાજુમાં ખુલ્લી જગ્યા હોવાનો લાભ લઈને કોઈ લોકો આ પ્રકારે મેડિકલ વેસ્ટ ઠાલવી દેતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. બાયો મેડિકલ વેસ્ટમાં બિન ઉપયોગી ટેબ્લેટ અને ખાલી દવાઓની બોટલ પણ મળી આવી છે. આ બાયો મેડિકલ વેસ્ટ સરકારી ખાતાનો હોવાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, જોકે મેડિકલ વેસ્ટ કોણ ઠાલવી ગયું તે અંગે કોઈ માહિતી મળી નથી. સામાન્ય રીતે બાયો મેડિકલ વેસ્ટ નક્કી કરેલ એજન્સી એક વેનમાં વિવિધ હોસ્પિટલમાંથી નિયમ મુજબ પેકિંગ કરીને લઈને જતી હોય છે, બાયો મેડિકલ વેસ્ટ કોઈપણ ખુલ્લી જગ્યાએ ઠાલવી શકાતો નથી પણ આવી કરતૂતથી આસપાસના લોકોમાં એક રોષ જોવા મળી રહ્યું છે. પણ હવે આ અંગે આરોગ્ય વિભાગ શું તપાસ કરે છે તે જોવું રહ્યું.

પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા કલેકટરને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોની વિવિધ સમસ્યાઓને લઈ ને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપી રજુઆતો કરી.

પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા વિવિધ માંગણીઓને લઈ ને ધરણાં કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ પણ ધરણા માટે તંત્ર દ્વારા મજુરીના આપવામા આવતા ભારતીય કિસાન સંઘ પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે મીટર આધારિત વિજદર ને હોર્સ પાવર આધારિત વિજદર માં લાવવા અને સ્થાનિક ખેડૂતોની સમસ્યાઓ જેવીકે ખેતી વિનાશક ભુંડ તથા રોજડાના ત્રાસ થી ખેડૂતોને મુક્તિ આપવા , રી-સર્વે માં થયેલ ભુલોનો જે તે પંચાયત સ્થળે જઈ સત્વરે નિકાલ લાવવો , વિજ બિલોમા અપાતો ફીક્સ ચાર્જ દુર કરવો તેમજ વીજ ચેકીંગ વખતે વધુ લોડ બતાવતા ગ્રાહકને લોડ વધારો કરવા માટે અપાતો સીકયુરીટી ચાર્જ ડીપોઝીટ મા

સુધારો કરી માત્ર ટોકન તરીકે રૂપિયા ૨૦૦ કે ૨૫૦ પ્રતિ હોર્સ પાવર દીઠ રાખવો , જે વિસ્તાર માં સિંચાઇ ની સુવિધા નથી તેવા વિસ્તારોમાં તળાવો તેમજ ચેકડેમ ભરવાની યોજનાને પ્રધાન્ય આપી ખેડૂતોને લિફટ ઈરીગેશન નો લાભ આપવો , કુષિ ક્ષેત્રે વપરાતા ખેત ઓજારો પર લાગતો જી.એસ.ટી દુર કરવો , જમીન વારસાઈ માં સીધી લીટી ના વારસદારો ને જે લાભ અપાય છે તેની જેમ જ આડી લીટી ના વારસદારો ને પણ વારસાઈ માં તેજ પ્રમાણે લાભ આપવો , રાસાયણિક ખાતર પર થયેલ અસહ્ય તોતિંગ ભાવ વધારો પાછો ખેચવો અથવા સરકાર શ્રીએ તેમા અપાતી સબસીડીમાં વધારો કરવો સહિત ની વિવિધ માંગણીઓ સુત્રોચ્ચારો સાથે પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈ ને હાજર નાયબ મામલતદાર દિગ્વિજયસિંહ ને આવેદનપત્ર આપી રજુઆતો કરી હતી તો આ પ્રસંગે ભારતીય કિસાન સંઘ ના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ, મંત્રી રમણભાઈ પટેલ , કોષાધ્યક્ષ નરસિંહભાઇ પટેલ , અનિભાઈ પટેલ , વિમલભાઈ પટેલ સહિત કાર્યકરો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.